કોરોનાની રસી સ્થાપિત હિતોનું કારસ્તાન હતું?

ભારતના લોકોને કોરોનાની રસીના 220 કરોડ ડોઝ જબરદસ્તીથી અપાઈ ગયા પછી હવે તે રસીના દુષ્પ્રભાવ બાબતમાં દરરોજ જાતજાતના હેવાલો બહાર આવી રહ્યા છે. પહેલાં બ્રિટનમાં એસ્ટ્રાઝેનેકા રસીનો મામલો સામે આવ્યો, જેમાં કંપનીએ પોતે કબૂલ કર્યું કે આ રસી લેનારા કેટલાક લોકોને લોહીમાં ગઠ્ઠા બાઝી શકે છે. લોહીમાં ગઠ્ઠા બાઝવાને કારણે પક્ષઘાતનો હુમલો આવી શકે છે અને હાર્ટ એટેક પણ આવી શકે છે. બ્રિટનની એસ્ટ્રાઝેનેકા કંપનીની કોવિશીલ્ડ રસીના 175 કરોડ ડોઝ ભારતમાં આપવામાં આવ્યા હોવાથી હવે આ રસી લેનારા કરોડો લોકો ચિંતિત છે.

હવે કોવેક્સિનની અસરો અંગે બનારસ હિન્દુ યુનિવર્સિટીના ગેરિયાટ્રિક્સ વિભાગના વડા પ્રોફેસર શુભ શંખ ચક્રવર્તી અને ફાર્માકોલોજી વિભાગના ડૉ. ઉપિન્દર કૌરના નેતૃત્વમાં કરવામાં આવેલા સંશોધન અહેવાલને કારણે હોબાળો મચ્યો છે. આ રિપોર્ટ સામે આવ્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો ફોટો જે કોરોના વેક્સીન સર્ટિફિકેટ પર હતો તેને હટાવી દેવામાં આવ્યો છે. આપણા દેશના લોકોને ક્યાં તો કોવિશીલ્ડ અને ક્યાં કોવેક્સિન રસી જ આપવામાં આવી છે. હવે રહી રહીને દેશના યુવાનો હાર્ટ એટેકથી ટપોટપ મરી રહ્યા છે, ત્યારે આ રસીની જીવલેણ અસરોની વાત બહાર આવી રહી છે. હવે સવાલ એ થાય છે કે શું સરકારને આ રસીના હાનિકારક પાસાંની જાણ નહોતી? તો પછી દેશના 80 કરોડથી વધુ લોકોને કોરોનાની રસી કેમ પરાણે આપવામાં આવી હતી? જેઓને ગંભીર બીમારી હતી તેમને સલાહ આપવામાં આવી હતી કે તેમના માટે રસીકરણ કરાવવું ખૂબ જ જરૂરી છે.

ટાઈમ લાઈન
સંજય વોરા

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ સંશોધન હાથ ધરનાર બનારસ હિન્દુ યુનિવર્સિટીના બંને ડોક્ટરોને નોટિસ મોકલીને તેમના જવાબો માંગ્યા છે. જેમણે અભ્યાસ કર્યો છે તેમને પૂછવામાં આવ્યું છે કે આ મામલે તેમની સામે કાયદાકીય અને વહીવટી કાર્યવાહી કેમ ન કરવી જોઈએ? સંશોધકોને તેમની માફી જાહેર કરવા પણ કહેવામાં આવ્યું છે. સવાલ એ છે કે શું ICMR દ્વારા કોરોનાની રસી મેળવનારાઓ પર કોઈ સંશોધન કરવામાં આવ્યું છે? શું તેની સંશોધન કરવાની ફરજ નહોતી? તેના બદલે જેમણે પોતાની રીતે સ્ફોટક સ્વતંત્ર સંશોધન કર્યું છે તેમને માફી માંગવાનું કહેવામાં આવી રહ્યું છે. જો 80 કરોડથી વધુ લોકોને કોરોનાની રસી મળી ગઈ છે તો તેની અસર અંગે આજ સુધી કોઈ સંશોધન કેમ નથી થયું? જ્યારે રસીકરણ બાદ લોકોને અસર થઈ હોવાના અહેવાલો છે. આ સંદર્ભમાં ICMRએ ચાર પ્રશ્નો ઉઠાવીને સંશોધન પ્રક્રિયાને જ નકારી કાઢી છે.

1. સંશોધનમાં એવી કોઈ સ્પષ્ટતા નથી કે જેમણે રસી લીધી છે અને જેમણે લીધી નથી તેઓ વચ્ચે તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. રસી આપતા પહેલા, જેમને કોરોના હતો કે જેમને તે થયો ન હતો, તેમના કોઈ ટેસ્ટ કરવામાં આવ્યા હતા કે પછી તેમને સીધી રસી આપવામાં આવી હતી?

2. અભ્યાસમાં એ વાતનો ખુલાસો થતો નથી કે જે લોકોમાં રસી લગાવ્યા પછી કંઈક થયું હતું, તેમને પહેલા આવી કોઈ સમસ્યા હતી કે કેમ? આવી સ્થિતિમાં, તે કહેવું અશક્ય છે કે તેને જે સમસ્યાનો સામનો કરવો પડ્યો તે રસીકરણને કારણે હતો. ત્યારે એ જ પ્રશ્ન ઉભો થાય છે કે શું રસીકરણ પહેલા જેમને રસી આપવામાં આવી હતી તેમના ટેસ્ટ કરવામાં આવ્યા હતા? જો નહીં તો જવાબદારી કોની? શા માટે અન્ય રોગોથી પીડિત લોકોને રસી આપવામાં આવી હતી?

3. અભ્યાસની પદ્ધતિઓ રિપોર્ટમાં ટાંકવામાં આવેલી પ્રતિકૂળ ઘટનાઓ સાથે મેળ ખાતી નથી. આખરે, કોરોનાની રસી ન લેવા બદલ પગાર કેમ બંધ કરવામાં આવ્યો? પ્લેન, ટ્રેન, બસમાં ટિકિટ કેમ નહોતી મળતી? આનાથી સ્પષ્ટ થાય છે કે રસી આપવા પાછળ કોઈનો "ખાસ રસ" હતો.

4. ટેલિફોન દ્વારા અભ્યાસ સાથે સંકળાયેલા લોકો પાસેથી ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો. તેણે જે કહ્યું તેની કોઈપણ ક્લિનિકલ વેરિફિકેશન વગર રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

ICMR દ્વારા ઉઠાવવામાં આવેલા આ સવાલથી સવાલ એ ઊભો થાય છે કે જે લોકોને કોરોનાની રસી આપવામાં આવી હતી તેમની કોઈ ક્લિનિકલ પરીક્ષા લેવામાં આવી હતી? જો નહીં, તો તેનો અર્થ એ કે જેઓ રસી લેવા માટે હોસ્પિટલ અથવા કેમ્પમાં પહોંચ્યા હતા તેમને ઉતાવળમાં ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. રસીકરણ કોઈપણ પરીક્ષણ વિના કરવામાં આવ્યું હતું.

બનારસ હિન્દુ યુનિવર્સિટીના ડોકટરો દ્વારા કરવામાં આવેલા સંશોધન અહેવાલને નકારવા અંગે ICMR દ્વારા ઉઠાવવામાં આવેલા ચાર પ્રશ્નો પણ કોરોના રસીકરણ પહેલાની પ્રક્રિયાને લાગુ પડે છે. મહત્ત્વનો પ્રશ્ન એ છે કે શું લોકો પોતે કોરોના રસી પછી સમસ્યા અનુભવી રહ્યા છે? લોકો હાથપગના સાંધામાં દુ:ખાવો, શરીરમાં લોહીના ગંઠાવાથી મૃત્યુ, આંખોની રોશની ગુમાવવી વગેરેથી પીડાઈ રહ્યા છે? જીમમાં કસરત કરતી વખતે અથવા પાર્કમાં ચાલતી વખતે તમે તમારી આસપાસ હૃદય રોગના હુમલા આવવાના અહેવાલો જોઈ શકો છો. લોકોનાં મૃત્યુ પણ થઈ રહ્યાં છે. આવા અનેક સમાચાર અખબારોમાં છપાતા રહે છે. છેવટે, કોઈએ આની જવાબદારી લેવી પડશે.

હવે સવાલ એ થાય છે કે શું સરકારને આ રસીના હાનિકારક પાસાંની જાણ નહોતી? તો પછી દેશના 80 કરોડથી વધુ લોકોને કોરોનાની રસી કેમ પરાણે આપવામાં આવી હતી?

ભારતમાં કોવિશિલ્ડ રસી આપનાર અદાર પૂનાવાલા દેશ છોડીને બ્રિટન કેમ ભાગી ગયો? તેણે ચૂંટણી બોન્ડ દ્વારા BJPને 52 કરોડ રૂપિયાનું દાન પણ આપ્યું હતું. સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ બહાર આવેલા આંકડા પરથી આ વાત સ્પષ્ટ થઈ ગઈ છે. નાગરિકોને સુરક્ષિત રાખવાની સરકારની જવાબદારી છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે રસીકરણ પાછળ કોઈનો "ખાસ રસ" હતો.

ગઝલ અને અમર પાલનપુરીના સન્માનની એ સાંજ ઉનાળે પણ છલકાઈ ગઇ

પંરપરામાં રહ્યા છે અને આધુનિક સમયમાં ય પોતાની ઉપસ્થિતિનો અનુભવ કરાવી શકે છે એવા ગઝલકારોમાં એક છે અમર પાલનપુરી શાયદાની પેઢીના ગઝલકારો સાથે મુશાયરો પઢનાર શૂન્યના આ ચેલા આજની પેઢીના ગૌરાંગ ઠાકર સાથે પણ ગઝલ પઢે તો દાદ મેળવી લે છે. હમણાં આ અમર પાલનપુરીનું સુરતની કેટલીક સાહિત્ય સંસ્કારની સંસ્થાઓએ સન્માન કર્યું છે. દાયકા જેટલાની ગઝલ સફર છતાં 'ઉઝરડા' અને 'રુઝ' જેવા બે જ ગઝલ સંગ્રહ આપનારા આ શાયરના એ બે ગ્રંથોની ગઝલનાં સંકલનનું વિમોચન પણ આ પ્રસંગે થયું. અલબત્ત, એક નાનો મુશાયરો પણ યોજાયો. જેમાં અમર પાલનપુરી પુરી ઉલટ સાથે અનેક ગઝલોના પાઠ કરતા રહ્યા અને લોકો દાદ દેતા રહ્યા. ગઝલકારોની ચાર પેઢી જીવ્યા હોય એવા ગઝલકાર આખા ગુજરાતમાં આજે તો એક જ છે અને તે અમર પાલનપુરી તેમને હમણાં થોડા મહિના પહેલાં ગુજરાત સાહિત્ય અકાદમીએ 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ'થી સન્માનિત કર્યા હતા પણ એ સન્માન એટલું બધું ઘરેલું હતું કે જેમાં આપનાર માણે અને મેળવનાર જાણે. હકીકતે આ એવોર્ડ એટલો મોટો છે કે જે નિમિત્તે જાહેર સન્માન યોજાવું જોઈએ. સુરતની નર્મદ સાહિત્ય સભા, રાષ્ટ્રીય કલા કેન્દ્ર, અખિલ હિન્દ મહિલા પરિષદ, ચેમ્બર ઓફ કોમર્સ, લાયન્સ કલબ, મૈત્રી, રોટરી કલબ, પ્રેસિડેન્સી સ્કૂલ સુરત એકેડેમિક એસોસિએશન અને સંસ્કૃતિ જેવી સંસ્થાઓ સાથે મળી એવા સન્માનનો પ્રસંગ યોજયો અને પી. ટી. સાયન્સ કોલેજના તારામતી હોલમાં 19મીમેની સાંજે એ પ્રસંગ ઉષ્મા અને આદરભર્યા ભાવથી યોજાઈ ગયો.

કાર્યક્રમના આરંભે નરેશ કાપડિયાના વ્યક્તિત્વ અને ગઝલનો પરિચય કરાવ્યો. આ આખા ઉપક્રમમાં ડો. ઋષિકેશ રાવલ સંપાદિત 'ઉઝરડાથી રૂઝ સુધી' ગ્રંથનું વિમોચન બહુ વિશેષ હતું અને 'છાંયડો' ઉપરાંત શહેરની અનેક સામાજીક શૈક્ષણિક સંસ્થાને નેતૃત્વ આપતાં ભરતભાઈ શાહના હસ્તે એ ગ્રંથનું વિમોચન થયું.

અમર પાલનપુરી હોય ત્યાં ગઝલ હોય અને નવી પેઢીના ગઝલકારો પણ હોય કારણ કે તેમણે હંમેશ નવી પેઢી સાથે અનુબંધ જાળવ્યો છે. સ્પતર્ષિ સંસ્થા વડે સુરતના સાડાચાર દાયકા સુધી સુગમ સંગીતના અનેક કલાકારોની મહેફીલ સજાવનાર અમર પાલનપુરીના સન્માનમાં પ્રજ્ઞા વશી, પરબતકુમાર નાયી, ગૌરાંગ ઠાકર અને સંચાલક મંથ ડીસાકરે પોતાની ગઝલો વડે આખો એક માહૌલ રચી દીધો અને એ માહૌલમાં કરાઉકે પર આશિષ શાહ અને દિયા શાહે ગઝલ ગાન કર્યું.

અમરભાઈએ 'અમર હમણાં જ સૂતો છે..' ના પાઠ પહેલાં મરશીયા પરંપરાની ય વાત કરી. કોઈ પોતાની જ વિદાયને તરન્નુમ ગાય એવું તો અમર પાલનપુરીમાં જ બને

ઓડિયો-વિઝ્યુઅલમાં અમરભાઈએ પોતાનાં જીવન, ગઝલ લેખન યાત્રા અને દામ્પત્યજીવન રસિક અને બહુ અંગતતાથી ભરેલી વાત કરી અને પછી રવીન્દ્ર પારેખે કેટલાંક પ્રસંગો સાથે અમર પાલનપુરીના

અમર પાલનપુરીએ જ્યારે ગઝલ પાઠ શરૂ કર્યો ત્યારે સહુ શ્રોતાઓએ ખૂબ દાદ આપી. અમરભાઈએ 'અમર હમણાં જ સૂતો છે..' ના પાઠ પહેલાં મરશીયા પરંપરાની ય વાત કરી. કોઈ પોતાની જ વિદાયને તરન્નુમ ગાય એવું તો અમર પાલનપુરીમાં જ બને કારણ કે એ તેમના જીવનનો અને ગઝલનો ય મિજાજ છે. તેઓ ભલે 90ની વયે પહોંચ્યા હોય પણ ગઝલ પાઠ કરે ત્યારે તેમની

કર્ટનકોલ
- બકુલ ટેલર

આંખમાં ચમક અને અવાજમાં ઓજ હોય છે. ટૂંકી બહેરની ગઝલમાં તેઓ અખાની અભિવ્યક્તિગત લાક્ષણિકતાને ઉમેરે ત્યારે ગઝલની અસરને વધારે ચોંટદુક બનાવે છે. સુરતમાં હમણાં જાહેર પ્રસંગ બને એવા સાહિત્યના કાર્યક્રમ ઓછા યોજાઈ છે ત્યારે આ પ્રસંગ ભર્યો ભર્યો બન્યો હતો.

હા, અમર પાલનપુરીના જીવન અને 'સપ્તર્ષિના સાથીઓની અનુપસ્થિતિને કારણે થોડું ઓછુ પણ અનુભવાયું. હકીકતે તો 'સપ્તર્ષિ' પોતે જ આવા સન્માન કાર્યક્રમ યોજે તે વધુ ઔચિત્યભર્યુ હતું પણ કયારેક એવું નથી બનતું.

આ આખાય કાર્યક્રમના આયોજનમાં મંથન ડીસાકરની લાગણી અને સંયોજક દૃષ્ટિ ઘણા મહત્વના હતા. બળબળતા ઉનાળાની સાંજે પણ તારામતી હોલમાં ગઝલ અને અમર પાલનપુરીના ચાહકો ઉભરાયા એ આ પ્રસંગનું ગૌરવ હતું.

શબ્દ સાપ્તાહિકી

- અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. મોહક કે રૂપાળું (૫)
૫. ઉપાય, ઇલાજ (૨)
૭. છળ, પ્રપંચ(૩)
૯. યોગ્ય કિંમત કરવી તે (૩)
૧૧. મધુર અવાજ (૪)
૧૪. વેપાર (૩)
૧૬. દીવો, દીપક (૨)
૧૭. અક્કલ (૨)
૧૮. નવાઈભર્યું, નવલું (૩)
૨૦. આંખ, લોચન (૩)
૨૨. નમેલું (૨)
૨૩. એક માપ (૩)
૨૫. દોરડા પર નાચનાર (૨)
૨૬. સુંદર સ્ત્રી (૨)
૨૮. કિંમત, મૂલ્ય (૨)
૨૯. પાંદડું, પર્ણ (૨)
૩૦. દુ:ખ પીડા (૨)
૩૧. નમેલું (૨)
૩૨. ચિંતન કરવાનાં સ્વભાવાળું (૫)
૩૪. શ્વાસ (૨)
૩૬. દોલત (૨)
૩૮. નસીબ, ભાગ્ય (૪)
૪૦. વગાડવું તે (૩)
૪૧.મીઠું (૩)
૪૩. ક્ષણ, ઘડીનો સાઠમો ભાગ (૨)
૪૪. માન આપતું (૩)
૪૫. પોતાનો કરેલો બીજાનો પુત્ર (૩)
૪૬. કાચી ઉમ્મર (૩)
૪૭. એક મિઠાઈ (૪)
૪૯. દૂધ દેતું એક પશુ (૨)
૫૦. અંકુશ (૩)
૫૨. સંતોષ (૩)
૫૩. કિનાર (૨)
૫૪. બાણ, તીર (૨)
૫૬. જંગલ (૨)
૫૭. સારું વર્તન (૨)
૫૯. મોટું (૨)
૬૦. ખુશ, પ્રસન્ન (૨)
૬૧. સોનું, સૂર્ય (૨)
૬૨. વાંદરું, કપિ (૩)
૬૪. આદમી (૨)
૬૬. લીન, ડૂબેલું (૨)
૬૮. તપસ્યા (૨)
૭૦. વકીલનું કામ (૪)
૭૧. સૂર્ય (૩)
૭૩. વીતેલું (૨)
૭૪. અંધારું (૨)
૭૫. જોવું તે (૩)
૭૬. ઇશારો કે સૂચના (૩)
૭૭. પૈસો, દોલત (૨)
૭૮. ગાયન (૨)

ઊભી ચાવી

૨. એક ઉગ્ર ગંધવાળું કંદ (૩)
૩. ડર, દહેશત (૨)
૪. સીમા (૨)
૬. વાચા, વાણી (૨)
૭. હાથ, વેરો (૨)
૮. વાયુ, હવા (૩)
૯. પ્યાલો (૨)
૧૦. ખેલ (૩)
૧૨. કપાળ, ભાલ(૩)
૧૩. ઘોડેસવાર ટુકડી (૪)
૧૪. સહાય, મદદ (૩)
૧૫. આદમી (૨)
૧૬. ગરીબ (૨)
૧૯. જંગલ (૨)
૨૧. મૃત્યુના દેવ (૨)
૨૨. પ્રણામ (૩)
૨૩. માછલું (૨)
૨૪. મોટી સંખ્યામાં નાણું (૩)
૨૭. બાધા, આખડી (૩)
૨૮. રાક્ષસ, અસુર (૩)
૨૯. પાળનાર, રક્ષક (૩)
૩૩. ઠંડું (૩)
૩૪. કિંમત, મૂલ્ય (૨)
૩૫. સહાયક, મદદનીશ (૫)
૩૬. મદદગાર (૫)
૩૭. હિમત (૨)
૩૯. દીવો, દીપક (૩)
૪૦. રંગ, વર્ણ (૨)
૪૧. અનુકરણ (૩)
૪૨. સોગન (૩)
૪૩. પારકા પૈસા (૪)
૪૪. આદર, સન્માન (૨)
૪૭. શ્રી હનુમાન (૫)
૪૮. ઘોડો (૨)
૫૧. બટન ઘાલવાનું નાકું (૨)
૫૩. નકશીકામ (૫)
૫૫. રમવું તે, પતિ (૩)
૫૬. પ્રધાન (૩)
૫૮. સાવ સહેલી વાત (૫)
૬૩. નવીન, નવલું (૪)
૬૪. આકરું, ઉગ્ર (૩)
૬૫. પ્યાલો (૨)
૬૭. સમીર, વાયુ (૩)
૭૧. શરીર, દેહ (૨)
૭૨. શ્રીકૃષ્ણ (૨)

શબ્દ સાપ્તાહિકી ઉકેલ



કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

↘ → આડી લાઇન
↙ ↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ